GJNV010011912014

| | | | | |
|---|---|---|---|---|
| રજૂ તારીખ | : | ૦૭ – ૦૪ – ૨૦૧૪ | | |
| રજીસ્ટર્ડ તારીખ | : | ૦૭ – ૦૪ – ૨૦૧૪ | | |
| ફેંસલ તારીખ | : | ૧૧ – ૦૩ – ૨૦૨૬ | | |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| | | ૧૧ | ૧૧ | ૦૪ |

==================================================

## મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ (Auxi.), થર્ડ એડીશનલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.નવસારી, જિ.નવસારી.

==================================================

**MACP. NO. 84/2014**

**આંક–૧૭૦**

**અરજદારો :–**

(૧) **પ્રતિક્ષાબેન વિપુલકુમાર પટેલ,** (મરણ જનારના પત્ની)
ઉ.આ.૨૮ વર્ષ, ધંધો : ઘરકામ તથા નોકરી,
હાલ રહેવાસી : સુરત.

(૨) **સુમનભાઈ બહાદુરભાઈ પટેલ,** (મરણ જનારના પિતા)
ઉ.આ.૫૬ વર્ષ, ધંધો : નોકરી,

(૩) **કાંતાબેન સુમનભાઈ પટેલ,** (મરણ જનારના માતા)
ઉ.આ.૫૩ વર્ષ, ધંધો : ઘરકામ,

(૪) **અમીષભાઈ સુમનભાઈ પટેલ,** (મરણ જનારના નાના ભાઈ)
ઉ.આ.૨૭ વર્ષ, ધંધો : નોકરી,
તમામ રહેવાસી : મુ.પો. ઉગત, પોસ્ટ ઓફિસ પાસે,
તા.જિ.નવસારી.

## વિરુધ્ધ

**સામાવાળાઓ :–**

(૧) **મોતીલાલ રઘુવીર શાહુ** (ટ્રક નં.GJ-21-T-4676 ના ચાલક)
ઉ.આ.૩૮ વર્ષ, ધંધો : ડ્રાયવર તરીકેની નોકરી,
રહેવાસી : આઝાદનગર, ઝુપડપટ્ટી, જે.એમ. શાહ
નામની કાર્ટીંગની ઓફિસમાં, ભટાર, સુરત.
હાલ રહેવાસી : ૭૭, આમ્રકુંજ સોસાયટી, પીકનીક
મોલની સામે, ઘોડદોડ રોડ, સુરત.

(૨) **પુંજજનભાઈ અજયભાઈ પંડયા,**
(ટ્રક નં.GJ-21-T-4676 ના માલિક)
ઉ.આ.૩૮ વર્ષ, ધંધો : ટ્રાન્સપોર્ટ તથા કાર્ટીંગનો વેપાર,
હાલ રહેવાસી : મરોલી, મરોલી બજાર રેલ્વે ગેટની સામે,
સ્વામી નારાયણ સોસાયટી, ઉંભરાટ રોડ, જિ.નવસારી.
રહેવાસી : ૭૭, આમ્રકુંજ સોસાયટી, પીકનીક
મોલની સામે, ઘોડદોડ રોડ, સુરત.

(૩) **ધી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કું.લિ.**
(સુરત રીજીયોનલ મેનેજર સાહેબશ્રી)
ઠે. સુરત રીજનલ ઓફિસ, તિરૂપતિ પ્લાઝા બિલ્ડીંગ,
નાનપુરા, સુરત. (ટ્રક નં.GJ-21-T-4676 ની વીમા કંપની)

**ધી મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ–૧૬૬ મુજબ મરનારના મોટર વાહન અકસ્માતમાં થયેલ આકસ્મિક મૃત્યુ બદલ MACP No. 84/2014 ના કામે વળતરની રકમ રૂા.૧,૦૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ પુરા) તથા નું વળતર મેળવવા માટેની અરજી.**

---

અરજદારો તરફે વિ.વકીલશ્રી **બી.એ. સોની.**
સામાવાળા નં.૧ અને ૨ તરફે એક્ષ પાર્ટે.
સામાવાળા નં.૩ નાઓ તરફે વિ.વકીલશ્રી **આર.આર. સોલંકી.**

---

## <u>જજમેન્ટ</u>

(૧) **કેસની વિગત :–** અકસ્માતના દિવસે તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે વળતર અરજીના કામના ગુજરનાર અમિતભાઈ સુમનભાઈ પટેલ નાઓ પોતાના માલિકીની હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 પર ધીમીગતિથી, સાવચેતીપૂર્વક રોડની ડાબી સાઈડે હંકારીને નોકરીની ફરજના કામ અર્થે પસાર થતા હતા ત્યારે આ કામના સામાવાળા નં.૧ એટલે કે ટ્રક નંબર : GJ-21-T-4676 ના ચાલકે પોતાના કબજામાં રાખેલ ટ્રકને અનેક લોકોની સદંતર અવર–જવરવાળા વિસ્તારમાં પુરઝડપે, ગફલતભરી રીતે ટ્રાફીકના નિયમોનું પાલન કર્યા વગર

હંકારી લાવતા પોતાની ટ્રકના ડ્રાઈવર સાઈડના પાછળનું વ્હીલ ધડાકાભેર ફાટતા સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવવાથી ટ્રક જમણી બાજુ રોંગ સાઈડે ખેંચાઈ જતા મરણ જનારની મોટર સાયકલને ટકકર મારી અડફેટમાં લઈ જીવલેણ અકસ્માત સર્જેલ અને ટ્રકના પાછળના તોતીંગ ટાયરો વચ્ચે ફસાઈ ગયેલ અને ઈજાગ્રસ્તને દૂર સુધી ઘસડી ગયેલ. જે હીટ એન્ડ રન પ્રયત્ન પ્રકારના અકસ્માતમાં મરણ જનાર અમિતભાઈને પેટ તથા કમરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા સારવાર દરમ્યાન સુરત નવી સીવીલ હોસ્પિટલ ખાતે કરૂણ અવસાન થતા તેઓના વારસદારોએ તેઓની અરજીમાં જણાવ્યા મુજબનું વળતર વ્યાજ સહિત મેળવવા માટે હાલની અરજી દાખલ કરેલ છે.

(૨) આ કામે સામાવાળા નં.૧ થી ૩ નાઓને નોટીસ ઈસ્યુ કરતા સામાવાળા નં.૩ ઈન્સ્યોરન્સ કંપની તરફે આંક–૨૩ થી રજૂ થયેલ લેખિત જવાબ વંચાણે લેતા તેઓ જણાવે છે કે, આ કામના અરજદારોની અરજીમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદર કામે અકસ્માતમાં સંડોવાયેલ વાહન નંબર : GJ-21-T-4676 ના માલિક એટલે કે સામાવાળા નં.૨ નાઓએ સામાવાળા નં.૩ વીમા કંપનીમાં સદરહુ અકસ્માત અંગે જરૂરી કલેઈમ ફોર્મ ભરી જાણ કરેલ નથી તેમજ તેમના વાહનના તમામ દસ્તાવેજો જેવા કે અસલ વીમા પોલીસી, આર.સી. બુક તથા વાહન ચાલકનું ડ્રાઈવિંગ લાયસન્સ તેમજ ફોજદારી કેસના કાગળો રજૂ કરેલ હોવાનું માલુમ પડતા નથી. જેથી પોલીસીની શરતો મુજબ કાયદામાં કે હકીકતમાં હાલનો કલેઈમ સામાવાળા નં.૩ વિરુધ્ધ ચાલી શકતો નથી. જેથી તે રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં વધુમાં, જણાવે છે કે, આ કામના સામાવાળા નં.૧ અને નં.૨ નાઓને નામદાર કોર્ટના સમન્સ બજેલ હોવા છતાં તેઓએ નામદાર કોર્ટમાં લેખિત જવાબ રજૂ કરી પોતાનો બચાવ કરેલાનું જણાતુ નથી અને તેઓ અરજદારો સાથે મળી જઈ હાલનો કલેઈમ દાખલ કરેલ હોવાનું જણાય છે. જેથી પોલીસીની શરતો મુજબ સામાવાળા નં.૩ નાઓને સામાવાળા નં.૧ અને નં.૨ ના વતી અરજદારો તથા તેમના તમામ સાક્ષીઓની તમામ મુદ્દાઓ ઉપર મોટર વ્હીકલ એકટની કલમ–૧૭૦ હેઠળ ઉલટ તપાસ કરવા દેવા માટે જરૂરી હુકમ કરવા વિનંતી કરેલ છે.

વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં જણાવે છે કે, અરજદારની અરજના પેરા–૧ થી ૭ માં જણાવેલી હકીકતો અંગે તેઓને પૂરી જાતમાહિતી ન હોવાથી સામાવાળા નં.૨ નાઓને કબુલ, મંજૂર નથી. સદર પેરામાં મર્હુમ અમિતભાઈ સુમનભાઈ પટેલનું અકસ્માતથી થયેલ ગંભીર ઈજાના પરિણામે સારવાર દરમ્યાન મૃત્યુ થયેલાની હકીકત તેમજ અરજદારોનો મરણ જનાર સાથેના સગપણની હકીકતો તથા મરણ જનારની માસિક કુલ આવક રૂા.૩૫,૦૦૦/– થી વધુ જણાવવામાં આવેલ છે તેનો સામાવાળા નં.૩ નાએ ઈન્કાર કરેલ છે. સદર હકીકતો આ કામના અરજદારો કાયદેસર પુરવાર, સાબિત કરે નહી ત્યાં સુધી સામાવાળા નં.૩ ને કબુલ નથી. આ કામના અરજદારોની અરજના પેરા–૯ માં કહેવાતા અકસ્માતની તારીખ, જગ્યા અને સમય અંગેની જે હકીકતો જણાવેલ છે તે અરજદારોએ કાયદેસર પુરવાર, સાબિત કરવી જોઈએ. વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં જણાવે છે કે, આ કામના અરજદારોની અરજના પેરા–૮ અને ૧૦ માં કહેવાતા અકસ્માતમાં સંડોવાયેલ વાહન ટ્રક નંબર : GJ-21-T-4676 તથા તેના ચાલક, માલિક અને વીમા કંપની અંગેની જે વિગત જણાવેલ છે કે અંગે જણાવવાનું કે સદર કહેવાતો અકસ્માત આ કામના સામાવાળા નં.૧ ની કસુરને કારણે થયેલ નથી. પરંતુ, મરણ જનાર અમિતભાઈ સુમનભાઈ પટેલ કે જેઓ મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 ચલાવતા હતા તેમના પોતાના કસુરના કારણે બનવા પામેલ છે. જેથી હાલનો કલેઈમ સામાવાળા વિરુધ્ધ ચાલી શકતો નથી અને રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે. વધુમાં, વાહન ટ્રક નંબર : GJ-21-T-4676 નો વીમો ધી ઈન્સ્યોરન્સ એકટની કલમ–૬૪(વી)(બી) ની જોગવાઈઓ મુજબ પોલીસી કન્ફર્મ થાય નહી ત્યાં સુધી સામાવાળા નં.૩ નાઓને કબુલ, મંજૂર નથી. વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં જણાવે છે કે, ખરી હકીકતમાં મર્હુમ અમિતભાઈ સુમનભાઈ પટેલ નાઓ પોતાની મોટર સાયકલ સામેથી પુરઝડપમાં ચલાવી લાવી ટ્રાફીકના નિયમોનો ભંગ કરી, માનવ જીંદગી જોખમાય તે રીતે બનાવવાળી જગ્યાએ ત્રણ રસ્તા હોય અને ભરચક અવર–જવર ટ્રાફીક અને વસ્તીવાળા રોડ ઉપર સામેથી આવતા વાહનને જોવા છતાં પોતાની આગળ ચાલતા વાહનને ઓવરટેક કરવા જતા મરણ જનાર એકાએક રોડની વચ્ચોવચ આવીને પોતાની મોટર સાયકલનો કાબુ ગુમાવતા ટ્રકની

જમણી સાઈડે પાછળના વ્હીલના ભાગે પોતાની સંપૂર્ણ કસુરના કારણે અથડાઈ ગયેલ અને ટ્રકના નીચેના ભાગે દબાઈ ગયેલ. જેથી ગંભીર ઈજાઓ થવાથી મરણ પામેલ. આમ, સદર કહેવાતો અકસ્માત મરણ જનારની પોતાની સંપૂર્ણ ભૂલના કારણે જ થયેલ છે. જેથી હાલનો કલેઈમ સામાવાળા નં.૩ વિરુધ્ધ ચાલી શકતો નથી અને રદ થવાને પાત્ર હોવાનું જણાવેલ છે, તેમ છતાં વિકલ્પે જો કોઈ સંજોગોમાં નામદાર કોર્ટ એવા નિર્ણય ઉપર આવે કે સદર અકસ્માતમાં સામાવાળા નં.૧ નાઓનો પણ થોડો કસુર હતો તે સંજોગોમાં મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 ના ચાલક મર્હુમની પણ ૮૦% કોન્ટ્રીબ્યુટરી નેગ્લીજન્સ માનવી અને ગણવી જોઈએ. વધુમાં, સદર અકસ્માત અંગે સચીન પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયેલાની જે હકીકત જણાવેલ છે તે અરજદારોએ કાયદેસર પુરવાર કરવી જોઈએ. વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં જણાવે છે કે, આ કામના અરજદારોની અરજના પેરા–૧૨ માં અરજદારોએ માંગેલ વળતરની રકમ તથા તેના જે તમામ આધારો જણાવ્યા છે તે તમામનો ઈન્કાર કરેલ છે. સદર પેરામાં મર્હુમ અમિતભાઈ સુમનભાઈ પટેલની ઉંમર ૨૯ વર્ષની જણાવી છે તે તથા મરણ જનાર સ્પેટેક પ્લાન્ટ ઈકવીપમેન્ટ પ્રાઈવેટ લીમીટેડમાં સીનીયર મીકેનીકલ એન્જિનીયર તરીકે નોકરી કરી માસિક રૂા.૩૫,૦૦૦/– આવક મેળવતા હોવાની હકીકત તેમજ ઈન્કમ ટેક્ષ ભરતા આવેલાની હકીકત જણાવેલ છે તે તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. વધુમાં, મરણ જનારના અવસાનથી આ કામના અરજદારોને માનસિક તથા શારીરિક આઘાત લાગેલ હોવાની હકીકત તેમજ મરણ જનારની અંતિમ ક્રિયા અને વાહન વ્યવહાર પાછળ થયેલ ખર્ચ તથા મરણ જનારના પગારમાં વધારો મેળવી શકયા હોત વિગેરે જે જુદા–જુદા હેડસ અંગેની તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. સદર તમામ હકીકતો આ કામના અરજદારો પુરવાર, સાબિત કરે નહી ત્યાં સુધી સામાવાળા નં.૩ નાઓને કબુલ, મંજૂર નથી. સામાવાળા નં.૩ ના લેખિત જવાબની હકીકતોમાં અને કાયદામાં આ કામના અરજદારોએ માંગેલ વળતરની રકમ કે તેના વ્યાજ પૈકીની કોઈપણ રકમ ચુકવવાની કોઈ જવાબદારી સામાવાળા નં.૩ નાઓની ઉપસ્થિત થતી નથી. વધુમાં, આ કામના અરજદારોની અરજના પેરા–૧૪ થી ૧૭ માં જણાવેલી હકીકતો અંગે જાતમાહિતી ન હોય તેઓને કબુલ, મંજૂર નથી. વધુમાં, સામાવાળા નં.૩ નાઓ તેઓના લેખિત જવાબમાં

જણાવે છે કે, સદર કામે ટ્રક નંબર : GJ-21-T-4676 ના ચાલક સામાવાળા નં.૧ ટ્રક ચલાવવાનું વેલીડ અને ઈફેકટીવ ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવતા ન હતા તેમજ વાહનના અકસ્માત સમયે અમલમાં હોય તેવી પરમીટ તથા ફીટનેશ સર્ટીફિકેટ પણ વેલીડ ન હોવાથી પોલીસીની શરતોનો ભંગ થયેલ છે. જેથી હાલના કલેઈમ અંગે સામાવાળા નં.૩ વીમા કંપનીની પોલીસીની શરતો મુજબ કોઈ જવાબદારી કાયદામાં કે હકીકતમાં ઉત્પન્ન થતી નથી.

વધુમાં, નામદાર કોર્ટ જો અરજદારના લાભમાં વળતર ચુકવવાનો હુકમ કરે તો બેંકના પ્રર્વતમાન દર મુજબ વળતરની રકમ ઉપર ફકત ૬% વ્યાજ મળવાપાત્ર થાય છે તેમજ આથી આ કામના અરજદારોને નોટીસ આપવામાં આવે છે કે નામદાર કોર્ટે કરેલ હુકમનામા મુજબની વળતરની રકમ ઉપર જો વ્યાજની રકમ રૂ.૫૦,૦૦૦/– કરતા વધુ થતી હોય તો ઈન્કમ ટેક્ષ ડીપાર્ટમેન્ટના હાલના રૂલ્સ મુજબ અરજદાર પાનકાર્ડના નંબરની વિગત જાહેર કરે અથવા રજૂ કરે અને તેમ કરવામાં અરજદાર કસુર કરે તો તે સંજોગોમાં વ્યાજની સદર રકમ ઉપર કાપવાપાત્ર થતો ટેક્ષ વીમા કંપની કાપીને બાકીની રકમ નામદાર કોર્ટમાં જમા કરવામાં આવશે. આમ, સામાવાળા નં.૩ નાએ તેમના લેખિત જવાબમાં સ્પષ્ટપણે કબુલ કર્યા સિવાયની આ કામના અરજદારોની અરજમાં જણાવેલ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે. જેથી અરજદારોની અરજી રદ કરવા વિનંતી કરેલ છે.

(૩) સદર વળતર અરજી તથા સામાવાળા નં.૩ ના લેખિત જવાબને ધ્યાને લઈ ન્યાયિક નિર્ણય માટે મારા પુરોગામી સાહેબશ્રી ધ્વારા આંક–ર૪ થી નીચે મુજબના મુદ્દા ઘડવામાં આવેલ છે.

## **Issues**

(1) Whether petitioner/s prove/s that deceased Amitbhai Sumanbhai Patel had sustained fatal injuries on 22/06/2012 due to the rash and negligence driving by opp. No.1 Driver of vehicle having registration no. GJ/21/T/4676 and deceased was died due to the injuries sustained by him in aforesaid vehicular accident ?

(2) Whether petitioner/s prove/s that they are dependent/legal heirs/legal representative of deceased Amitbhai Sumanbhai Patel ?

(3) Whether petitioner/s proves that offending vehicle having registration no. GJ/21/T/4676 was owned by opponent no.2 and insured by/with opponent no.3. When the vehicular accident had occurred ?

(4) Whether opponent no.3 Insurance Company proves that the owner/insurer of offending motor vehicle having registration no. GJ/21/T/4676 has breached the material terms and condition of insurance policy of said vehicle ?

(5) Whether petitioners are entitled for any compensation as per S. 166 of M.V.Act ? If yes, what amount and from whom ?

(6) What order and award ?

**(૩.૧)** ઉપરોકત મુદ્દાઓ સબંધે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) મુદ્દા નં.૧ હકારમાં.

(૨) મુદ્દા નં.૨ અંશત: હકારમાં.

(૩) મુદ્દા નં.૩ હકારમાં.

(૪) મુદ્દા નં.૪ નકારમાં.

(૫) મુદ્દા નં.૫ ચર્ચા કર્યા મુજબ હકારમાં.

(૬) મુદ્દા નં.૬ આખરી હુકમ મુજબ.

(૪) અરજદાર પક્ષ તરફે પોતાની અરજી મુજબનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

## -: મૌખિક પુરાવો :-

| ક્રમ | નામ | આંક |
|---|---|---|
| ૧ | અરજદાર નં.૨ સુમનભાઈ બહાદુરભાઈ પટેલનું સરતપાસનું સોગંદનામુ. | ૭૫ |
| ૨ | અરજદાર તરફે સાહેદ મનુ મોહનન નાયર, નીયો સ્ટ્રકટો કન્સ્ટ્રકશન પ્રા.લી., સુરતના મેનેજરશ્રીની કોર્ટ રૂબરૂની જુબાની. | ૧૪૯ |

## -: દસ્તાવેજી પુરાવો :-

| ક્રમ | વિગત | આંક/નિશાની |
|---|---|---|
| ૧ | મરણ જનાર પટેલ અમિત એસ. ના એસેસમેન્ટ વર્ષ ૨૦૧૩-૧૪ ના Form-16 ની ઓનલાઈન નકલ. | ૭૭/૧૫ |
| ૨ | મરણ જનાર પટેલ અમિત એસ. ના એસેસમેન્ટ વર્ષ ૨૦૧૨-૧૩ ના Form-16 ની પ્રમાણિત નકલ. | ૭૭/૧૬ |
| ૩ | મરણ જનાર પટેલ અમિત એસ. ના એસેસમેન્ટ વર્ષ ૨૦૧૧-૧૨ ના Form-16 ની પ્રમાણિત નકલ. | ૭૭/૧૭ |
| ૪ | મરણ જનાર પટેલ અમિત એસ. ના એસેસમેન્ટ વર્ષ ૨૦૧૦-૧૧ ના Form-16 ની પ્રમાણિત નકલ. | ૭૭/૧૮ |
| ૫ | અકસ્માત કરનાર ટ્રક નંબર : GJ-21-T-4676 ની ધી ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ વીમા પોલીસીની નકલ, તા.૦૯/૧૧/૨૦૧૧ થી તા.૦૮/૧૧/૨૦૧૨ સુધી. | ૭૭/૨૧ |
| ૬ | અરજદારોના રેશન કાર્ડની નકલ. | ૭૭/૩૪ |
| ૭ | મરણ જનાર અમિત સુમનભાઈ પટેલ નાઓએ ગવર્નમેન્ટ આઈ.ટી.આઈ. માં ફોરમેન ઈન્સ્ટ્રકટરની નોકરી માટે ભરેલ ફોર્મ. | ૭૭/૩૫ |
| ૮ | સચીન પોલીસ સ્ટેશને ફર્સ્ટ ગુના રજી.નં.૫૧/૨૦૧૨ ની એફ.આઈ.આર. ની નકલ, તા.૨૨/૦૬/૨૦૧૨. | ૭૯ |
| ૯ | ગુનાવાળી જગ્યાના પંચનામાની પ્રમાણિત નકલ, | ૮૦ |

| | | |
|---|---|---|
| | તા.૨૨/૦૬/૨૦૧૨. | |
| ૧૦ | અમિતભાઈ સુમનભાઈ પટેલના ઈન્કવેસ્ટ પંચનામાની પ્રમાણિત નકલ, તા.૨૨/૦૬/૨૦૧૨. | ૮૧ |
| ૧૧ | અમિતભાઈ સુમનભાઈ પટેલની પી.એમ. નોટની પ્રમાણિત નકલ, તા.૨૨/૦૬/૨૦૧૨. | ૮૨ |
| ૧૨ | અમિતભાઈ સુમનભાઈ પટેલનું સુરત મહાનગર પાલિકામાં થી ઈસ્યુ કરેલ મરણ પ્રમાણપત્રની નકલ. | ૮૩ |
| ૧૩ | સામાવાળા નં.૧ નાઓ સામે કરવામાં આવેલ ચાર્જશીટના અડધીયાની પ્રમાણિત નકલ. | ૮૪ |
| ૧૪ | પ્રાદેશિક ન્યાય સહાયક વિજ્ઞાન પ્રયોગશાળા, સુરતનું ગુન્હા સ્થળની મુલાકાતનો પ્રમાણિત રીપોર્ટ. | ૮૫ |
| ૧૫ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈની સરદાર વલ્લભભાઈ નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી, સુરત ખાતેની બેચલર ઓફ એન્જિનીયરીંગની ડીગ્રીની નકલ. | ૮૬ |
| ૧૬ | મરણ જનાર અમિતભાઈના સ્પોર્ટસ પ્રમાણપત્રની નકલ. | ૮૭ |
| ૧૭ | મરણ જનાર પટેલ અમિત એસ. ના પાનકાર્ડની નકલ. | ૮૮ |
| ૧૮ | મરણ જનાર અમિત એસ. પટેલના નીઓ સ્ટ્રકટો કન્સ્ટ્રકશન લી. ના આઈકાર્ડની નકલ. | ૮૯ તથા ૧૫૭ |
| ૧૯ | મોજે અનાવલ, તા.મહુવા, જિ.સુરતના ગામ નમૂનો નં.૮–અ (જમીનની ખાતાવહી) | ૯૦ |
| ૨૦ | ટ્રક નંબર : GJ-21-T-4676 ની આર.સી. બુકની નકલ. | ૯૧ |
| ૨૧ | ટ્રક નંબર : GJ-21-T-4676 ની ગુડસ કેરેજ પરમીટની નકલ, તા.૧૬/૦૫/૨૦૧૨ થી તા.૧૫/૦૫/૨૦૧૭ સુધી. | ૯૨ |
| ૨૨ | ટ્રક નંબર : GJ-21-T-4676 ની A.R.T.O. નવસારીના ફીટનેશ સર્ટીફિકેટની નકલ. | ૯૩ |
| ૨૩ | ટ્રક નંબર : GJ-21-T-4676 ના P.U.C. સર્ટીફિકેટની નકલ. | ૯૪ |
| ૨૪ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈના ડ્રાઈવિંગ લાયસન્સની નકલ. | ૯૫ |
| ૨૫ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈ તથા અરજદાર નં.૧ પટેલ પ્રતિક્ષા અશોકભાઈના સર્ટીફિકેટ ઓફ રજીસ્ટ્રેશન ઓફ મેરેજની પ્રમાણિત નકલ. | ૯૬ |

| | | |
|---|---|---|
| ૨૬ | અરજદાર નં.૧ પ્રતિક્ષા વિપુલભાઈ પટેલના આધાર કાર્ડની નકલ. | ૯૭ |
| ૨૭ | અરજદાર નં.૨ સુમનભાઈ બહાદુરભાઈ પટેલના આધાર કાર્ડની નકલ. | ૯૮ |
| ૨૮ | અરજદાર નં.૩ કાન્તાબેન સુમનભાઈ પટેલના આધાર કાર્ડની નકલ. | ૯૯ |
| ૨૯ | અરજદાર નં.૪ અમિષ સુમનભાઈ પટેલના આધાર કાર્ડની નકલ. | ૧૦૦ |
| ૩૦ | ગુજરાત મિત્ર તથા ગુજરાત દર્પણ, સુરતમાં તા.૨૩/૦૬/૨૦૧૨ ના રોજ છપાયેલ અકસ્માત થયેલ હોવા બાબતેની કટીંગ. | ૧૦૧ |
| ૩૧ | આઈકાર્ડ ઓફ વીટનેશ (મેનેજર-એચ.આર. ઓફ નીઓ સ્ટ્રકટો) | ૧૫૦ |
| ૩૨ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈનું નીઓ સ્ટ્રકટો કન્સ્ટ્રકશન લી. માં નોકરી માટેના એપોઈમેન્ટ લેટરની નકલ, તા.૦૪/૦૮/૨૦૦૮. | ૧૫૧ |
| ૩૩ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈનું નીઓ સ્ટ્રકટો કન્સ્ટ્રકશન લી. ની ગ્રુપ કંપની સ્પેટેક પ્લાન્ટ ઈકવીપમેન્ટ માં ટ્રાન્સફર ઓફ સર્વિસનું લેટરની નકલ, તા.૦૧/૦૭/૨૦૦૯. | ૧૫૨ |
| ૩૪ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈની સ્પેટેક પ્લાન્ટ ઈકયુપેમેન્ટસ પ્રા.લી. ની મે-૨૦૧૨ ની સેલેરી સ્લીપ | ૧૫૩ |
| ૩૫ | મરણ જનાર પટેલ અમિત સુમનની સ્પેટેક પ્લાન્ટ ઈકયુપેમેન્ટસ પ્રા.લી. ની ડીટેઈલ્સ ઓફ સેલેરી પેઈડ ફોર જુન-૨૦૧૨ | ૧૫૪ |
| ૩૬ | મરણ જનાર પટેલ અમિત સુમનભાઈનો છેલ્લો માસિક પગારની ડીટેઈલ્સ | ૧૫૫ |
| ૩૭ | મરણ જનાર પટેલ અમિત એસ. ના એસેસમેન્ટ વર્ષ ૨૦૧૨-૧૩ ના ITR / Form-16 રીટર્નની પ્રમાણિત નકલ. | ૧૫૬ |
| ૩૮ | મરણ જનાર અમિત એસ. પટેલની અગાઉની નોકરીના અનુભવનું અને 'નો ઓબ્જેકશન સર્ટીફિકેટ'. | ૧૫૮ |
| ૩૯ | મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 ના વીમા પોલીસીની નકલ. | ૧૫૯ |

(૫) ત્યારબાદ, અરજદારો તરફે આંક–૧૬૦ થી કલોઝીંગ પુરશીસ રજૂ થયેલ છે.

(૬) આ કામના સામાવાળા નં.૩ ધી ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની તરફે નીચે મુજબનો દસ્તાવેજી પુરાવો રજૂ કરેલ છે.

## –: દસ્તાવેજી પુરાવો :–

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અકસ્માત કરનાર ટ્રક નંબર : GJ-21-T-4676 ની ધી ન્યૂ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપનીની વીમા પોલીસી 64 VB ની પ્રમાણિત નકલ. (પોલીસી નં.૨૩૦૮૦૧૩૧૧૧૦૧ ૦૦૦૦૩૩૭૯) | ૧૬૬ |

(૭) આ સિવાય સામાવાળા પક્ષ તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજૂ કરવામાં આવેલ નથી. અરજદાર તરફે વિ.વકીલશ્રી બી.એ. સોની નાઓએ મૌખિક દલીલો સંદર્ભે આંક–૧૬૯ થી પુરશીસ રજૂ કરેલ છે. અને જણાવેલ છે કે અરજદારો સંયુકત અને વિભકત રીતે કુલ રૂા.૧,૦૦,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક કરોડ પુરા/–) નું વળતરની માંગણી ૧૨ % ચઢતા વ્યાજ સાથે પ્રોસ્પેકટીવ આવક ઘ્યાને લઈ વળતર મેળવવા હકકદાર છે. જયારે ઈન્સ્યોરન્સ કંપની તરફે વિ.વકીલશ્રી નાઓને દલીલો માટે વારંવાર મુદતો આપવા છતાં તેઓ હાજર રહી દલીલો કરતા ના હોય સદરહુ કેસ દસ વર્ષથી વધુ જૂનો હોય જેથી તેઓની દલીલોનું હકક બંધ કરવામાં આવેલ છે.

## –: કા ર ણો :–

(૮) સદર અરજીના કામે અનુક્રમે ઉપર ઉદભવેલા મુદૃા નં.૧ થી ૫ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય પુરાવાનું બિનજરૂરી પુનરાવર્તન ના થાય તે સારૂ ઉપરોકત તમામ મુદૃાઓની ચર્ચા એકસાથે કરવી જરૂરી જણાતી હોઈ ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

**(એ) બેદરકારી તથા જવાબદારી અંગે:**

અરજદારોએ આંક–૧ ની અરજીમાં જણાવેલ છે કે, તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે ગુજરનાર અમિતભાઈ સુમનભાઈ પટેલ નાઓ પિતાની માલિકીની હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 પર ધીમીગતિથી, સાવચેતીપૂર્વક રોડની ડાબી સાઈડે હંકારીને નોકરીની ફરજના કામ અર્થે પસાર થતા હતા ત્યારે અકસ્માતમાં સંડોવાયેલ ટ્રક નંબર : GJ-21-T-4676 ના ચાલક સામાવાળા નં.૧ મોતીલાલ રઘુવીર શાહુ નાઓએ લોકોની સદંતર અવર–જવરવાળા વિસ્તારમાં પુરઝડપે, ગફલતભરી રીતે, ટ્રાફિકના નિયમોનું પાલન કર્યા વગર હંકારી લાવતા પોતાની ટ્રકના ડ્રાઈવર સાઈડના પાછળનું વ્હીલ ધડાકાભેર ફાટતા સ્ટેયરીંગ પરનો કાબુ ગુમાવવાથી ટ્રક જમણી બાજુ રોંગ સાઈડે ખેંચાઈ જતા ગુજરનારની મોટર સાયકલને અડફેટમાં લઈ જીવલેણ અકસ્માત સર્જેલ અને ટ્રકના પાછળના તોતીંગ ટાયરો વચ્ચે ફસાઈ ગયેલ અને ઈજાગ્રસ્તને દૂર સુધી ઘસડી ગયેલ. જે હીટ એન્ડ રન પ્રયત્ન પ્રકારના અકસ્માતમાં ગુજરનાર અમિતભાઈને પેટ તથા કમરના ભાગે જીવલેણ ઈજાઓ પહોંચતા સારવાર દરમ્યાન સુરત નવી સીવીલ હોસ્પિટલ ખાતે કરૂણ મરણ નીપજેલ. આ જ હકીકત સદર અરજીના કામે અરજદાર નં.૨ નાઓએ આંક–૭૫ ના સોગંદનામામાં પણ જણાવેલ છે. ઉલટતપાસમાં તેઓએ એવુ કબુલ કરેલ છે કે, અકસ્માતનો બનાવ બન્યો ત્યારે હું શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો અને રૂા.૫૮,૦૦૦/– પગાર મળતો હતો અને હાલમાં રૂા.૩૫,૦૦૦/– પેન્શન મળે છે. મારી પુત્રવધુ અરજદાર નં.૧ તે પ્રાથમિક શાળામાં દશેરા ટેકરી મુકામે શિક્ષીકા તરીકે બનાવ સમયે તેમજ હાલમાં પણ ફરજ બજાવે છે. હાલમાં અરજદાર નં.૧ નાએ બીજા લગ્ન કરી લીધેલા છે. અરજદાર નં.૪ મારો દીકરો તે એન્જિનીયર છે અને જિલ્લા પંચાયત દાહોદમાં નોકરી કરે છે. એ વાત ખરી છે કે મારે બે દીકરા હતા જે પૈકી મરણ જનાર મારો મોટો દીકરો હતો જેનુ અકસ્માતમાં અવસાન થયેલ. મર્હુમ બનાવના રોજ મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 જાતે ચલાવીને નોકરીના કામ માટે જતા હતા. એ વાત ખરી છે કે મને એવુ જાણવા મળેલ કે અકસ્માત ટ્રકનું ટાયર ફાટી જવાના કારણે બનેલો. એ વાત ખરી છે કે બનાવ મેં નજરે જોયો નથી. એ વાત ખરી છે કે બનાવ અંગે મેં સચીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલી. મેં અકસ્માતવાળી જગ્યા જોયેલી નથી. જેથી બેદરકારીનો

મુદ્દો નિર્ણીત કરવા માટે દસ્તાવેજી પુરાવો ઘ્યાને લેવામાં આવે તો, અરજદારોએ પોતાની અરજીના સમર્થનમાં આંક–૭૯ થી રજૂ થયેલ સચીન પોલીસ સ્ટેશને ફર્સ્ટ ગુના રજી.નંબર : ૫૧/૨૦૧૨ ની ફરિયાદમાં જણાવ્યા મુજબ બનાવ તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ કલાક ૧૨:૩૦ વાગ્યાના સુમારે બનેલ છે. જેની ફરિયાદ તે જ દિવસે કલાક ૧૭:૦૦ વાગ્યાના સુમારે એટલે કે બનાવ બન્યાના સાડા ચાર કલાક બાદ કરવામાં આવેલ છે. જેમા એવુ નોંધેલ છે કે, ટ્રક નંબર : GJ-21-T-4676 ના ચાલકે પોતાની ટ્રક પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી અમિતની હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 ને ટકકર મારી કપાળના ભાગે તથા પેટના ભાગે ઈજા કરી મોત નીપજાવેલ છે.

આ કામે આંક–૮૦ થી રજૂ થયેલ સ્થાનિક જગ્યાનું પંચનામુ જોતા ગુનાવાળી જગ્યા સુરત નવસારી રોડ ઉપર નવાબ જાદાના બંગલના મેઈન ગેટની સામે સુરતથી નવસારી જવાના રોડ ઉપર આવેલ છે. સદર રોડ પાકો ડામરનો આશરે ૩૦ ફુટની પહોળાઈવાળો ઉત્તર દક્ષિણનો આવેલ છે. સદર ગુનાવાળી જગ્યાથી ઉત્તરે સુરત તરફ આશરે ૨૫ ફુટના અંતર સુધી રોડ ઉપર ટાયરના ઘસરકાના નિશાન દેખાય છે. સદર ગુનાવાળી જગ્યાએ તેમજ ઘસરકાના અંતે લોહીના ડાઘા દેખાય છે. સદર ગુનાવાળી જગ્યાની પૂર્વ આશરે ૧૩ ફુટના આશરે સદર રોડની કિનારી બાદ નવાબ જાદાના બંગલાનું સફેદ પેઈન્ટ કરેલ લોખંડનું મેઈન ગેટ આવેલ છે. બાદ નવાબ જાદાનો બંગલો આવેલ છે. પશ્ચિમે આશરે ૨૭ ફુટ સદર રોડ બાદ હાજર સાહેદનો પાનનો ગલ્લો તેમજ તેની બાજુમાં દક્ષિણે સચીન રેલ્વે સ્ટેશન તરફ જવાનો રસ્તો બાદ સિધ્ધી વિનાયક કોમ્પ્લેક્ષ આવેલ છે. ગુનાવાળી જગ્યાની ઉત્તર સુરત તરફ જતો આવતો રોડ તથા દક્ષિણ પણ સદરી રોડ તેમજ આશરે ૬૫ ફુટના અંતરે પૂર્વ તરફ વાંઝ હોજીવાલા તરફ જવાનો રસ્તો આવેલ છે તેમજ બીજી દુકાનો આવેલ છે. સદર રોડ મુખ્ય માર્ગ વાહનોની સતત અવર–જવર વાળો રોડ હોય અને ટ્રક રસ્તાની વચ્ચોવચ હોય આવતા જતા વાહનોને અડચણ ન થાય તે હેતુથી ટ્રક સ્થળ ઉપરથી ખસેડી નવાબના બંગલાના કોટ, દિવાલ પાસે ખુલ્લી જગ્યામાં મૂકેલ હોય સદર જગ્યા ઉપર ઉત્તર તરફના મોઢાની એક ટ્રક ઉભી છે, જેની આગળ પાછળની નંબર પ્લેટ ઉપર રજીસ્ટ્રેશન નંબર : GJ-21-T-4676 લખેલ છે. સદર ટ્રકની જમણી

બાજુએ પાછળના ભાગે આવેલ બે વ્હીલમાંથી બહારના ભાગનું વ્હીલ ફાટી ગયેલ જણાય છે. જયારે આંક–૮૧ થી અમિતભાઈ સુમનભાઈ પટેલનું મરણોત્તર પંચનામુ તથા આંક–૮૨ થી અમિતભાઈ સુમનભાઈ પટેલની પી.એમ. નોટ જોતા મોટર સાયકલ નંબર : GJ-21-N-1717 અને ટ્રક નંબર : GJ-21-T-4676 નાઓ વચ્ચે અકસ્માત થવાથી મરણ જનારના શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ થવાથી મોત થયેલાનું નોંધેલ છે. આ ગુનાના કામે આંક–૯૧ થી અકસ્માતમાં સંડોવાયેલ વાહન ટ્રક નંબર : GJ-21-T-4676 ની આર.સી. બુક જોતા સામાવાળા નં.૨ પુજન અજયભાઈ પંડયા નાઓ અકસ્માતમાં સંડોવાયેલ ટ્રકના માલિક છે. જેથી તે પોતાના ચાલકના કૃત્યના માટે જવાબદાર ઠરે. વધુમાં, અરજદારો તરફે રજૂ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા અકસ્માતમાં સંડોવાયેલ વાહન ટ્રક નંબર : GJ-21-T-4676 ના ડ્રાઈવરની બેદરકારી જણાતી હોય તેમજ સામાવાળા નં.૩ તરફે આંક–૧૬૬ થી રજૂ પોલીસી વંચાણે લેતા જેમા પીરીયડ ઈન્સ્યોરન્સ તારીખ : ૦૯/૧૧/૨૦૧૧ થી તારીખ : ૦૮/૧૧/૨૦૧૨ સુધીનું ફાઈનલ પ્રિમીયમ રૂા.૧૬,૯૨૩/– ભરેલ હોવાનું જણાય છે અર્થાત સદર પોલીસી હેઠળ રીસ્ક કવર થતુ જણાય છે. વધુમાં, અકસ્માતમાં સંડોવાયેલ હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલના ચાલકની બેદરકારી અંગેના કોઈ વિશ્વસનીય અને માનવાલાયક પુરાવાઓ રેકર્ડ પર સામાવાળા નં.૩ એટલે કે ઈન્સ્યોરન્સ કંપની ધ્વારા રજૂ કરવામાં આવેલ નથી. વધુમાં, અકસ્માતમાં ગુજરનાર પટેલ અમિત સુમનભાઈ નાઓ અકસ્માત સમયે વેલીડ ડ્રાઈવિંગ લાયસન્સ ધરાવતા હોવાનું જણાય છે, જે ડ્રાઈવિંગ લાયસન્સ આ કામે આંક–૯૫ થી રજૂ કરવામાં આવેલ છે. જે લાયસન્સની વેલીડીટી તારીખ : ૦૪/૧૧/૨૦૦૦ થી તારીખ : ૦૩/૧૧/૨૦૨૦ છે. જેથી અકસ્માતમાં સંડોવાયેલ હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલના ચાલકની બેદરકારી જણાતી નથી. પરંતુ, પંચનામુ અને રેકર્ડ પરના પુરાવા ધ્યાને લેતા આ અકસ્માતમાં ટ્રક ચાલકની બેદરકારી હોવાનું જણાય છે. વધુમાં, વીમા પોલીસી જોતા સામાવાળા નં.૩ વીમા કંપનીમાં અકસ્માત સમયે સદરહુ વાહન વાહન ટ્રક નંબર : GJ-21-T-4676 વીમા રક્ષિત હોય, તેઓને પણ વળતર ચુકવવા જવાબદાર ઠરાવવામાં આવે છે. આ માટે નામદાર ગુજરાત હાઈકોર્ટના ફુલ બેંચના નીચેના ચુકાદા ઉપર આધાર રાખેલ છે.

HIGH COURT OF GUJARAT (F.B.)
VALIBEN LAXMANBHAI THAKORE (KOLI) WD/ O LATE LAXMANBHAI RAMSINGBHAI THAKORE (KOLI) & 3 OTHER(S)
vs
KANDLA DOCK LABOUR BOARD & 1 OTHER(S)
Date of Decision: 27 August 2021
Citation: 2021 LawSuit(Guj) 5148

[15] In our opinion, by accepting additional premium, the Insurance Company indemnifies the owners for paid Driver and / or Conductor and risk of Driver / Conductor is covered under it. Upon death or injury caused to the paid Driver and / or Conductor, the Insurance Company would be liable to satisfy such claim irrespective of the self negligence. Thus, the observations made by the Division Bench in the case of Saberabibi Hisammiya Umarvmiya & Anr (supra) lays down the correct law. Reference is thus, answered accordingly.

આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદારોને વળતરની ચુકવણી માટે સામાવાળા નં.૧ થી નં.૩ નાઓને સંયુકત અને વિભકત રીતે જવાબદાર ઠરાવવામાં આવે છે. તેમજ ઈન્સ્યોરન્સ કંપની વળતર ચુકવવા જવાબદાર છે. સદર કામે ગુજરનારને વાહન અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયેલ છે તથા તેના લીધે તેઓનું મૃત્યુ થયેલ છે તે પુરવાર કરવાનું પ્રાથમિક રીતે અરજદારો માટે જરૂરી છે. સદર ગુનાના કામે ઈન્કવેસ્ટ પંચનામુ તથા પી.એમ. રીપોર્ટ જોતા ગુજરનાર નાઓને અકસ્માતમાં ગંભીર પ્રકારની ઈજાઓ થવાના કારણે તેઓનું મૃત્યુ થયેલ છે.

(૯) <u>વળતર અંગે</u> :–

(એ) સદર કામે ગુજરનાર નાઓને વાહન અકસ્માતમાં ગંભીર ઈજાઓ થયેલ છે તથા તેના લીધે તેઓનું મૃત્યુ થયેલ છે તે પુરવાર કરવાનું પ્રાથમિક રીતે અરજદારો માટે જરૂરી

છે. સદર કામે આંક–૮૧ થી મરણોત્તર પંચનામુ તથા આંક–૮૨ થી પી.એમ. નોટ મુજબ ગુજરનારનું અકસ્માત થતા તેઓના શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ થવાના કારણે મૃત્યુ થયાનું જણાય છે. ઉપરની હકીકતે ગુજરનારનું મૃત્યુ વાહન અકસ્માતની ઈજાઓથી થયેલ હોવાની અરજદારોની રજૂઆત ગ્રાહય રાખવામાં આવે છે.

(બી) **<u>ઉંમર તથા મલ્ટીપ્લાયર</u> :–**

વળતરની રકમ નકકી કરવા માટે ગુજરનારની ઉંમર નકકી કરવી એ પાયાની જરૂરીયાત છે. સદર કામે આંક–૯૫ થી રજૂ ગુજરનાર પટેલ અમિત સુમનભાઈનું ડ્રાઈવિંગ લાઈસન્સ વંચાણે લેતા તેઓની જન્મ તારીખ : ૧૨/૦૭/૧૯૮૨ છે અને અકસ્માતનો બનાવ તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ બનેલ છે. જેથી અકસ્માત સમયે ગુજરનાર હીરો હોન્ડા સી.બી.ઝેડ. મોટર સાયકલના ચાલક પટેલ અમિત સુમનભાઈની ઉંમર ૨૯ વર્ષ, ૧૧ મહિના અને ૧૦ દિવસ હોવાનું માનવામાં આવે છે તથા **એસીજે ૨૦૦૯ પાન નં.૧૨૯૮ ઉપર પ્રસિઘ્ધ નામદાર સુપ્રિમ કોર્ટના સરલા વર્માના** ચુકાદા અનુસાર ૨૬ થી ૩૦ ના વય જુથમાં આવતા હોય ૧૭ નો ગુણાંક ઘ્યાનમાં લેવાનું ઠરાવવામાં આવે છે.

(સી) **<u>આવક તથા ભવિષ્યની આવક વૃધ્ધિ અંગે</u> :–**

અરજદાર પક્ષની રજૂઆત છે કે, ગુજરનાર અમિતભાઈ સુમનભાઈ પટેલ નાઓ અકસ્માત સમયે અકસ્માત સમયે સ્પેટેક પ્લાન્ટ ઈકયુપેમેન્ટસ પ્રા.લી. માં સીનીયર એન્જિનીયર તરીકે ફરજ બજાવતા હતા. આંક–૧૪૯ થી સદરહુ કંપનીના એચ.આર. મેનેજર મોહનન નાયર નાઓની અત્રેની કોર્ટ રૂબરૂ સોગંદ પર જુબાની લેવામાં આવેલ છે. જે કામે તેઓએ કેટલાક દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલ છે અને તેનાથી અરજદારના કેસને સમર્થન મળે છે. તેઓએ નીઓ સ્ટ્રકટો કન્ટ્રકસન લી. નો તારીખ : ૦૪/૦૮/૨૦૦૮ ના રોજનો એપોઈમેન્ટ લેટર આંક–૧૫૧ થી રજૂ કરેલ છે. ત્યારબાદ, ગુજરનાર પટેલ અમિત સુમનભાઈને ગ્રુપ કંપની સ્પેટેક પ્લાન્ટ ઈકિવપમેન્ટસ પ્રા.લી. માં તારીખ : ૦૧ જુલાઈ ૨૦૦૯ થી ટ્રાન્સફર ઓફ સર્વિસ કરી એન્જિનીયર તરીકે રાખવામાં આવેલ છે તે અંગેનો લેટર

આંક–૧૫૨ થી રજૂ કરેલ છે. વધુમાં, આંક–૧૫૩ અને આંક–૧૫૫ થી તેઓની કંપની દ્વારા મે–૨૦૧૨ ના માસની ગુજરનારની છેલ્લા માસિક પગારની સ્લીપ રજૂ કરવામાં આવેલ છે, જેમા ગુજરનાર પટેલ અમિતભાઈ સુમનભાઈની ગ્રોસ સેલેરી ૩૦,૬૫૨/– (અંકે રૂપિયા ત્રીસ હજાર છસ્સો બાવન પુરા/–) મેળવતા હોવાનું જણાય છે. વધુમાં, ગુજરનાર પટેલ અમિત સુમનભાઈ જે કંપનીમાં ફરજ બજાવતા હતા તે કંપની નીયો સ્ટ્રકટો કન્ટ્રકશન પ્રા.લી. સુરતમાં મેનેજર એચ.આર. તરીકે ફરજ બજાવતા મનુ મોહનન નાયર નાઓનો આંક–૧૪૯ થી રજૂ સરતપાસનું સોગંદનામુ વંચાણે લેતા અકસ્માતમાં મરણ જનાર અમિત સુમનભાઈ પટેલ નાઓ તેઓના સહ કર્મચારી હતા અને તેઓ સચીનમાં કામ કરતા હોય, જેથી તેઓએ ૨૦૦૯ થી ઓળખતા હોવાનું જણાવેલ છે. ગુજરનાર અમિતભાઈ સુમનભાઈ પટેલનો નિમણૂક પત્ર આંક–૧૫૧ થી રજૂ થયેલ છે, જેમા તેઓની સહી તથા સિકકો ઓળખી બતાવેલ છે. જે તેઓની કંપનીના ડાયરેકટર દ્વારા તારીખ : ૦૪/૦૮/૨૦૦૮ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ છે. ત્યારે તેમનું એમ્પ્લોય નંબર : ૧૨૫૭/૨૦૦૮ થી નોંધણી થયા બાદ તેમની નોકરી શરૂ થયેલ હતી. ત્યારબાદ, અમિતભાઈની તારીખ : ૦૧/૦૭/૨૦૦૯ ના રોજ તેઓની સીસ્ટર કંપની સ્પેટેક પ્લાન્ટ ઈકવીપમેન્ટમાં બદલી થયેલ અને તેમને નિમણૂક પગારના ધોરણે જ બદલી આપવામાં આવેલ હતી. જેમા તેઓની સહી, સિકકા ઓળખી બતાવેલ છે, જે આ કામે આંક–૧૫૨ થી રજૂ થયેલ છે. વધુમાં, તેઓની સર્વિસ બ્રેક થયેલ ન હતી, તેઓ ત્યાં આગળ પણ કાયમી કર્મચારી તરીકે નોકરી કરતા હતા અને ત્યાં તેમનો એમ્પ્લોય નંબર : ૩૭ થી નોંધાયેલ હતો અને તેમનો બેઝીક પગાર સ્કેલ પણ ૫૦૯૦ થી ૨૩૫૯૦ નો હતો. સદર સાહેદને અમિતભાઈની માહે મે–૨૦૧૨ ની પગાર સ્લીપ બતાવવામાં આવતા જેમા તેઓના સહી, સિકકા ઓળખી બતાવેલ છે, જે આ કામે આંક–૧૫૩ થી રજૂ થયેલ છે અને આંક–૧૫૩ મુજબ તેમની ગ્રોસ સેલેરી રૂા.૩૦,૬૫૨/– હતી. જેમાથી જરૂરી કપાત કર્યા બાદ તેમને તેમના આઈ.સી.આઈ.સી. આઈ. બેંકમાં ટ્રાન્સફર કરવામાં આવતી હતી. તેમની કપાતમાં પી.એફ. પ્રો.ટેક્ષ અને ઈન્કમ ટેક્ષ અને બેનેવીલન્ટ કપાત થતા હતા. વધુમાં, તેઓની કંપનીનું જુન–૨૦૧૨ ના અમિતભાઈની સેલેરીનું સ્ટેટમેન્ટ રજૂ થયેલ છે. જેમા અનુક્રમ નં.૨૨ પર અમિતભાઈ સુમનભાઈ

પટેલનું નામ અને પગારની વિગતો બતાવેલ છે. જે તેઓની કંપનીના અસલ રેકર્ડ પરથી વેરીફાઈ કરી ખરી નકલ આ કામે આંક–૧૫૪ થી રજૂ કરવામાં આવેલ છે. વધુમાં, આંક–૧૫૫ થી ન્યુ ઈન્ડિયા ઈન્સ્યોરન્સ કંપની (સુરત–આર.ઓ.) તરફથી અમિતભાઈ સુમનભાઈ પટેલના પગારની વિગતો ક્રોસ ચેક કરવા માટે ડીમાન્ડ મેઈલ મોકલવામાં આવેલ તેના જવાબના ઈમેઈલની કોપી જે કંપનીના રજીસ્ટ્રાર મેઈલ આઈ.ડી. પરથી કરવામાં આવેલ છે. જે તેઓની કંપનીના અસલ રેકર્ડ પરથી વેરીફાઈ કરવામાં આવેલ છે, જેમા તેઓની સહી, સિકકા ઓળખી બતાવેલ છે. વધુમાં, આંક–૧૫૬ થી અમિતભાઈના પગારના વર્ષ ૦૧/૦૪/૨૦૧૧ થી ૩૧/૦૩/૨૦૧૨ સુધીના કુલ પગાર ચુકવેલ તેના પર ઈન્કમ ટેક્ષ ફોર્મ નં.૧૬ ની પાર્ટ–એ ની અસલ રેકર્ડ પરથી વેરીફાઈ કરી ખરી નકલ રજૂ કરેલ છે. જેમા સેલેરી હેડમાં વાર્ષિક રૂા.૩,૫૦,૬૦૩/– ની રકમ દર્શાવેલ છે. જેમા તે સમયના જોઈન્ડ જનરલ મેનેજર ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ કે રાધાકૃષ્ણન સાહેબની સહી તથા સિકકો ઓળખી બતાવેલ છે. વધુમાં, આંક–૧૫૭ થી અમિતભાઈનું કંપનીનું ઓળખપત્રની અસલ રેકર્ડ પરથી વેરીફાઈ કરી ખરી નકલ રજૂ કરવામાં આવેલ છે, જેમા તેઓની સહી તથા સિકકો ઓળખી બતાવેલ છે. ઉપરોકત ડોકયુમેન્ટસ તેમજ કંપનીના એચ.આર. મેનેજરની જુબાની ધ્યાને લેતા ગુજરનાર અમિતભાઈની નોકરી પરમેનન્ટ હોવાનું જણાય છે. અમિતભાઈએ બેચલર ઓફ એન્જિનીયરીંગનો અભ્યાસ કરેલ હતો. જયારે આ કામના સામાવાળા નં.૩ તરફે વિ.વકીલશ્રી આર.આર. સોલંકી ધ્વારા ઉલટતપાસ કરવામાં આવે છે, જેમા તેઓ જણાવે છે કે, અમિતભાઈનો અકસ્માત તારીખ : ૨૨/૦૬/૨૦૧૨ ના રોજ થયેલો હતો. મરનારની છેલ્લી નેટ ઈન્કમ રૂા.૨૯,૬૭૮/– હતી. માહે મે અને જુન–૨૦૧૨ ની સાલમાં અમિતભાઈનો રૂા.૫૦૦/– દર મહિને ટી.ડી.એસ. તથા પ્રોફેશનલ ટેક્ષ રૂા.૨૦૦/– કપાયેલ હતો. અમિતભાઈના કોઈ વારસોને અમારી કંપની ધ્વારા રહેમરાહે નોકરી આપેલ નથી. આમ, ગુજરનાર પટેલ અમિતભાઈ સુમનભાઈ નાઓ પોતાની ઉંમર ૨૯ વર્ષ, ૧૧ મહિના અને ૧૦ દિવસની નાની વયે માસિક રૂા.૨૯, ૯૫૨/– (પ્રોફેશનલ ટેક્ષ અને ઈન્કમ ટેક્ષ બાદ કરતા) મેળવી અરજદારોનું સારી રીતે ભરણ પોષણ કરતા હોવાનું જણાય છે. અકસ્માત સમયે ગુજરનારની વય ૪૦ થી નીચેની વય જુથમાં આવતી હોવાથી નામદાર સુપ્રિમ

કોર્ટના **National Insurance Co. Ltd. vs Pranay Sethi & Ors. In Special Leave Petition (Civil) No.25590/2014** ના ચુકાદા અનુસાર ૫૦% ફયુચર પ્રોસ્પેકટીવ આવક ધ્યાનમાં લેવાનું ઠરાવવામાં આવે છે. અરજદાર નં.૪ અમીષભાઈ સુમનભાઈ પટેલ કે જેઓ અકસ્માતમાં મરણ જનારના નાના ભાઈ થાય છે. આંક–૭૫ થી અરજદાર નં.ર સુમનભાઈ બહાદુરભાઈ પટેલ એટલે કે અકસ્માતમાં ગુજરનારના પિતા નાઓની આંક–૭૫ ની ઉલટતપાસ વંચાણે લેતા અરજદાર નં.૪ તેઓનો દીકરો છે અને તે એન્જિનીયર છે અને તે જિલ્લા પંચાયત, દાહોદમાં નોકરી કરે છે. જેથી અરજદાર નં.૪ અકસ્માતમાં મરણ જનારના નાના ભાઈ અમીષભાઈ સુમનભાઈ પટેલ ડીપેન્ડન્ટ હોવાનું જણાતુ નથી. જેથી અરજદાર નં.૪ અમીષભાઈ સુમનભાઈ પટેલ વળતર મેળવવા હકકદાર હોવાનું જણાતુ નથી. અરજદાર નં.૧ સરકારી નોકરી કરતી હોવાની અરજદાર તરફેના વિ.વકીલશ્રીએ રજૂઆત કરેલ છે. જેથી તેઓને મળવાપાત્ર વળતરના ૪૦% લેખે તથા અરજદાર નં.ર ને ૩૦% લેખે તથા અરજદાર નં.૩ ને ૩૦% લેખે રકમ ચૂકવવી યોગ્ય અને ન્યાયિક જણાય છે.

(ડી) <u>ડીપેન્ડન્સી તથા મૃતકના અંગત ખર્ચ બાબત</u> :–

ગુજરનાર પટેલ અમિતભાઈ સુમનભાઈ નાઓ અકસ્માત સમયે પરિણીત હતા તથા તેઓના પત્ની અને માતા–પિતા કાનૂની વારસો / ડીપેન્ડન્ટ હોવાથી ૧/૩ રકમ અંગત ખર્ચ તરીકે બાદ કરી ર/૩ રકમ અરજદારોને થયેલી નુકશાની પેટે ધ્યાનમાં લેવાનું ઠરાવવામાં આવે છે.

(ઈ) કોન્સોર્ટીયમ, લોસ ટુ ધી એસ્ટેટ તથા ફયુનરલ એક્ષ્પેન્સીસ બાબત :

**(ઈ–૧) નામદાર સુપ્રિમ કોર્ટના Pranay Sethi ના ચુકાદાની તારીખ : ૩૧/૧૦/ર૦૧૭ થી દર ત્રણ વર્ષે ૧૦% વધારા સાથે સદર રકમ આપવા બાબત :**

**National Insurance Co. Ltd. vs Pranay Sethi**

**(2017) 16 SCC 680 : (2018) 2 SCC (Cri) 205**

**59.8.** Reasonble figures on conventional heads, namely, loss of estate, loss of consortium and funeral expenses should be Rs 15,000, Rs 40,000 and Rs 15,000 respectively. The aforesaid amounts should be enhanced at the rate of

10% in every three years.

નામદાર સુપ્રિમ કોર્ટના બંધારણીય બેંચના ઉપરના ચુકાદા અનુસાર કોન્સોર્ટીયમ, લોસ ટુ ધી એસ્ટેટ અને મરણ ક્રિયાના ખર્ચ હેઠળ આપવાની રકમ નકકી કરવાની રહે છે. **વધુમાં, સદર ચુકાદાની તારીખથી ૬ વર્ષ પૂર્ણ થયેલ હોઈ ૨૦% વધારા સાથે આ રકમ આપવાપાત્ર છે. જેથી તદનુસાર ચૂકવવાનો હુકમ કરવામાં આવે છે.**

**(ઈ–૨) પ્રત્યેક અરજદારને Spousal consortium, Parental consortium કે Filial consortium ની રકમ આપવા બાબત :**

**Magma General Insurance Co. Ltd. vs Nanu Ram**

**(2018) 18 SCC 130 : (2019) 3 SCC (Cri) 153**

**21.A** Constitution Bench of this Court in Pranay Sethi [National Insurance Co. Ltd. vs Pranay Sethi, (2017) 16 SCC 680 : (2018) 3 SCC (Civ) 248 : (2018) 2 SCC (Cri) 205] dealt with the various heads under which compensation is to be awarded in a death case. One of these heads is loss of consortium. In legal parlance, "consortium" is a compendious term which encompasses "spousal consortium", "parental consortium", and "filial consortium". The right to consortium would include the company, care, help, comfort, guidance, solace and affection of the deceased, which is loss to his family. With respect to a spouse, it would include sexual relations with the deceased spouse : [Rajesh vs Rajbir Singh, (2013) 9 SCC 54 : (2013) 4 SCC (Civ) 179 : (2013) 3 SCC (Cri) 817 : (2014) 1 SCC (L&S) 149]

**21.1.** Spousal consortium is generally defined as rights pertaining to the relationship of a husband-wife which allows compensation to the surviving spouse for loss of "company, society, cooperation, affection, and aid of the other in every conjugal relation". [Black's Law Dictionary (5th Edn., 1979).]

**21.2.** Parental consortium is granted to the child upon the premature death of a parent, for loss of "parental aid, protection, affection, society,

discipline, guidance and training".

**21.3.** Filial consortium is the right of the parents to compensation in the case of an accidental death of a child. An accident leading to the death of a child causes great shock and agony to the parents and family of the deceased. The greatest agony for a parent is to lose their child during their lifetime. Children are valued for their love, affection, companionship and their role in the family unit.

**22.** Consortium is a special prism reflecting changing norms about the status and worth of actual relationships. Modern jurisdictions world-over have recognized that the value of a child's consortium far exceeds the economic value of the compensation awarded in the case of the death of a child. Most jurisdictions therefore permit parents to be awarded compensation under loss of consortium on the death of a child. The amount awarded to the parents is a compensation for loss of the love, affection, care and companionship of the deceased child.

આમ, ઉપરના ચુકાદા મુજબ કોન્સોર્ટીયમની રકમ પ્રત્યેક અરજદારને મળવાપાત્ર છે એટલે કે પતિ કે પત્નીના મૃત્યુ સબબ પરસ્પરને **spousal consortium,** બાળકના મૃત્યુ સબબ માં–બાપને **filial consortium** તેમજ માતા કે પિતાના મૃત્યુ સબબ બાળકોને **parental consortium** મળવાપાત્ર છે. જેથી હાલના કેસમાં પણ પ્રત્યેક અરજદારને કોન્સોર્ટીયમની રૂા.૪૦,૦૦૦/– ની રકમ દર ત્રણ વર્ષે એટલે કે તારીખ : ૩૧/૧૦/૨૦૧૭ થી ૧૦% ના વધારા સાથે વધારા સાથે કુલ રૂા.૪૮,૪૦૦/– સબંધિત વ્યકિત દીઠ મેળવવા હકકદાર ઠરાવવામાં આવે છે.

**(એફ)** આમ, સમગ્રપણે અરજદારોને નીચે મુજબનું વળતર સામાવાળાઓ પાસેથી મેળવવા માટે હકકદાર ઠરાવવામાં આવે છે.

## <u>CALCULATION OF COMPENSATION</u>

| Compensation Heads | Amount Awarded | In Accordance with: |
|---|---|---|
| Monthly Income | Rs. 30,652-200 Professional Tax - 200 Income Tax -500 = 29,952/- | |
| Yearly Income | Rs. 3,59,424/- | |
| Future Prospects (50%) (Age being 29 years) | Rs. 3,59,424 + 1,79,712 = 5,39,136/- | National Insurance Co. Ltd. vs Pranay Sethi (2017) 16 SCC 680 Para 37, 39, 41, 42 and 59.4 |
| Deduction (1/3) | 5,39,136 - 1,79,712 = Rs. 3,59,424/- | |
| Multiplier (17) | 3,59,424 x 17 = Rs. 61,10,208/- | |
| Loss of Income of the Deceased | **Rs. 61,10,208/-** | |
| Loss of Estate | Rs. 18,150/- | National Insurance Co. Ltd. vs Pranay Sethi (2017) 16 SCC 680 Para 59.8 |
| Loss of Funeral Expenses | Rs. 18,150/- | |
| Loss of Consortium | 48,400 x 3 = Rs.1,45,200/- | National Insurance Co. Ltd. vs Pranay Sethi (2017) 16 SCC 680 Para 59.8 United India Insurance Co. Ltd. vs Satinder Kaur, (2021) 11 SCC 780 Para 37.12 Rajwati alias Rajjo and Ors vs United India Insurance Company Ltd. and Ors. 2022 SCC Online SC 1699 Para 34 |
| **Total** | **Rs. 62,91,708/-** | |

(૧૦) <u>વ્યાજ અંગે</u> :-

(એ) અરજદારે પ્રતિ વર્ષ ૧૨% ના વ્યાજ દરે થતા વ્યાજ સહિતની વળતરની રકમ ચૂકવવા માંગણી કરેલ છે. જયારે સામાવાળા ઈન્સ્યોરન્સ કંપની તરફે લેખિત જવાબમાં ઓછામાં ઓછા વ્યાજના દરે થતા વ્યાજ સાથે ચૂકવવા હુકમ કરવા રજૂઆત કરેલ છે.

(બી) સામાન્ય રીતે વીમા કંપનીનું કામ અન્ય લોકો પાસેથી વીમાની રકમ/પ્રિમીયમ

એકત્રિત કરી, વાહન અકસ્માતના પીડીત લોકોને વળતર ચૂકવી આપવાનું છે. વીમા કંપનીનું કામ એક રીતે માત્ર પબ્લીક મનીનો ટ્રસ્ટી તરીકે વહીવટ કરવા પૂરતુ મર્યાદિત છે. કોઈપણ રાષ્ટ્રને શકિતશાળી બનાવવા માટે શિક્ષણ, સારવાર, વીમા અને બેન્કિંગ એ ચારેય ક્ષેત્રો ''**નહિ નફો નહિ નુકશાન**'' ના ધોરણે ચાલે તે અત્યંત આવશ્યક છે. પરંતુ, દુર્ભાગ્યપૂર્ણ રીતે આજે આ તમામ ક્ષેત્રો નફાકારક વ્યવસાયમાં પરિવર્તિત થઈ ગયેલ છે. જેના દુષ્પરિણામે સમય જતા સમાજ અને રાષ્ટ્ર એ ભોગવવા પડશે.

સદર વળતર અરજીઓના ન્યાય નિર્ણય માટે નામદાર સર્વોચ્ચ અદાલત ધ્વારા **PREETHA KRISHNAN & ORS. versus THE UNITED INDIA INSURANCE CO. LTD. & ORS, SLP(C)Nos. 9753-56 /2025; November 6, 2025** ના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાનમાં લેવામાં આવેલ છે.

વીમા કંપની ધ્વારા પ્રિમીયમ પેટે એકત્રિત કરવામાં આવતી વીમા પ્રિમીયમની રકમ સરકારી સાહસો, સિકયોરીટી, ટ્રેઝરી બોન્ડ કે ખાનગી સાહસોમાં ધિરાણ/રોકાણ કરવામાં આવે છે. વીમા કંપની ધ્વારા આ રીતે એકત્રિત કરવામાં આવેલ મૂડી ઉપર પોતે શું વ્યાજદરે વ્યાજ કે નફો મેળવી રહેલ છે તે માહિતી રજૂ કરવાનું વીમા કંપનીના પોતાના હાથમાં છે અને અત્યંત સુલભ છે. એવીડન્સ એકટની કલમ-૧૦૬ હેઠળ વીમા કંપની પાસે આ માહિતી હોવાથી તે રજૂ કરવાની જવાબદારી વીમા કંપનીની બને છે. વધુમાં એવીડન્સ એકટની કલમ-૧૧૪(જી) હેઠળ પણ જે માહિતી અથવા તો પુરાવો જેની પાસે હોય તે પક્ષકારો તેવી માહિતી રજૂ ન કરે તો તેઓની વિરુધ્ધનું અનુમાન કરવુ જોઈએ. તે જોગવાઈ જોતા પણ વીમા કંપની પોતાની પાસે રહેલ મૂડી ઉપર પોતે જાહેર સાહેસોમાં રોકાણ ધ્વારા કેટલુ વ્યાજ કે મૂડી નફો મેળવી રહેલ છે તેવી માહિતી ઉપલબ્ધ હોવા છતાં અને રજૂ કરવાનું સુલભ હોવા છતાં રજૂ કરેલ નથી. જેથી વીમા કંપની વિરુધ્ધ એવુ અનુમાન કરવાનું રહે છે કે, વીમા કંપની પોતાની પાસે એકત્રિત મૂડી ઉપર તેઓએ ચૂકવવાના વ્યાજ કરતા વધુ વ્યાજ અને નફો મેળવી રહી હશે.

**(સી)** વધુમાં, વાહન અકસ્માત વળતર ધારાની જોગવાઈઓ તથા પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ વાહન અકસ્માતના પીડીતોને વળતરની જે રકમ ચૂકવવામાં આવે તેની

એફ.ડી. ઉપર તેઓને દર ત્રિમાસિક ગાળાએ જે વ્યાજની રકમ મળે તેમાથી તેઓનું ગુજરાન ચાલે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. **વાહન અકસ્માતના કિસ્સામાં ઈજાઓને લીધે શારીરિક રીતે અસક્ષમ બની ગયેલી વ્યકિતઓ, ઘરની મુખ્ય કમાવનાર વ્યકિતના અવસાન બાદ અરજદાર તરીકે રહેલા સગીર બાળકો, વૃઘ્ધ માતા–પિતા તથા વ્યવસાયિક કેળવણી અને આર્થોપાર્જનની કુશળતાનો અભાવ ઘરાવતી વિઘવા મહિલાઓ માટે બેંકમાં મૂકવામાં આવતી ફીકસ ડીપોઝીટ અને તે પર મળતુ વ્યાજ એ આવકનો એક માત્ર અને સુરક્ષિત સ્ત્રોત છે. જે ઘ્યાનમાં લેતા બેંકોમાં વ્યાજ દરોમાં ઘટાડો થાય તથા મોંઘવારીના દર વઘતા જાય તે બંને પ્રસંગે વાહન અકસ્માતના પીડીતોને વળતર તરીકે વઘુ રકમ અપાવવામાં આવે તો જ ઘટી ગયેલા વ્યાજ દરે પણ તેઓને અગાઉની જેમ મૂળભુત રીતે પુનઃસ્થાપિત કરી શકાય.**

(ડી) **વીમા કંપની તરફે ભવિષ્યની આવકની નુકશાની ઉપર વ્યાજ નહિ આપવાની કે ઓછામાં ઓછુ આપવાની દલીલ કરવામાં આવેલ છે.** પરંતુ, અત્રે એ બાબત ઘ્યાનમાં લેવા પાત્ર રહે છે કે, મોટર વ્હીકલ એકટ ૧૯૮૮ ની કલમ–૧૫૮(૬) મુજબ અકસ્માત થયાની જાણ પોલીસ અધિકારીએ તથા વાહનના માલિકે વીમા કંપનીને કરવાની હોય છે. વધુમાં, વળતર અરજીનો સમન્સ મળ્યેથી વાહન અકસ્માત થયાનું વીમા કંપનીની જાણમાં આવે છે. આ બંને પ્રસંગો બન્યેથી વીમા કંપની માટે વાહન અકસ્માતના પીડીતને ચૂકવવાપાત્ર થતા વળતરની જવાબદારી ઉભી થઈ જાય છે. બીજી રીતે એવુ કહી શકાય કે, વાહન અકસ્માતમાં પીડીતનું અવસાન થવા સાથે કે ઈજા થવા સાથે વીમા કંપની ઉપર ઉભી થનારી વળતર સબંધી નાણાકીય જવાબદારી એ વીમા કંપની ઉપર વાહન અકસ્માતના પીડીતનું ઉભુ થયેલુ લેણુ છે. મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ હુકમની તારીખે વળતરની નકકી થયેલ જે રકમ જાહેર કરે છે તે વાસ્તવમાં અકસ્માતની તારીખે વીમા કંપની ઉપર ઉભી થયેલી નાણાકીય જવાબદારીની જાહેરાત માત્ર છે. **વધુમાં વીમા કંપની ટ્રીબ્યુનલના હુકમ અનુસાર વળતર પેટે જે રકમ ચૂકવે છે તે રકમ તેઓ ઘ્વારા પ્રિમીયમની એકત્રિત થયેલી અન્ય રકમ સાથે કોઈને કોઈ નફાકારક સ્થાને રોકાણ કરવામાં આવેલી હોય છે. જેથી જો ભવિષ્યની**

**આવકની નુકશાની ઉપર વ્યાજની ચૂકવણીનો હુકમ કરવામાં ન આવે તો વીમા કંપની માટે નફાકારક સિધ્ધ થાય તેમ છે. પરંતુ તેનાથી વિપરીત જો વ્યાજની ચૂકવણીનો હુકમ કરવામાં આવે તો તેવો હુકમ વીમા કંપની માટે કોઈપણ રીતે નુકશાનકર્તા બનતો નથી. કારણ કે, વીમા કંપની ચૂકવણી તારીખ સુધી આવી મૂડી ઉપર કોઈને કોઈ પ્રકારે વ્યાજ કે મૂડી નફાની આવક મેળવતી જ રહે છે.**

**(ઈ)** સમગ્રપણે વીમા કંપનીની ભવિષ્યની આવકની નુકશાની ઉપર વ્યાજ નહિ આપવાની દલીલ ગ્રાહય રાખવામાં આવતી નથી અને ઓછા વ્યાજ દરે વળતર આપવાની રજૂઆત પણ ઉપરના કારણોસર ગ્રાહય રાખી શકાય તેવી તથા ન્યાયી જણાતી ન હોય તે સ્વીકારવામાં આવતી નથી.

**(એફ)** સમગ્રપણે વળતરની સંપૂર્ણ રકમ અરજીની તારીખથી ચૂકવણી તારીખ સુધી વાર્ષિક ૯% ના વ્યાજ દરે સામાવાળા નાઓ ધ્વારા સંયુકત અને વિભકત રીતે અરજદારોને હુકમની તારીખથી દિન–૩૦ માં ચૂકવી આપવામાં આવે તેવો હુકમ કરવામાં આવે છે. આમ, ઉપરોકત ચર્ચાના કામે મુદ્દા નં.૧ અને ૩ નો નિર્ણય 'હકાર' માં તેમજ મુદ્દા નં.ર નો નિર્ણય 'અંશત: હકાર' માં તેમજ મુદ્દા નં.૪ નો નિર્ણય 'નકાર' માં તેમજ મુદ્દા નં.પ નો નિર્ણય ઉપરોકત કોષ્ટકમાં ગણતરી કર્યા મુજબ અને આખરી હુકમ મુજબ તથા મુદ્દા નં.૬ અંગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

## –:: <u>આ ખ રી  હુ ક મ</u> ::–

**૧.** અરજદારોની અકસ્માત વળતર અરજી આંશિક રીતે ગ્રાહય રાખવામાં આવે છે.

**ર.** અરજદારોને રૂા.૬ર,૯૧,૭૦૮/– (અંકે રૂપિયા બાસઠ લાખ એકાણુ હજાર સાતસો આઠ પુરા/–) ની રકમ વળતર તરીકે સામાવાળા નં.૧ થી નં.૩ પાસેથી અરજીની તારીખથી ચૂકવણી તારીખ સુધી વાર્ષિક ૯% ના વ્યાજ દરે ખર્ચ સહિત સંયુકત અને વિભકત રીતે વસુલ લેવા હકકદાર હોવાનું ઠરાવવામાં આવે છે.

૩. આ કામના સામાવાળા નં.૧ થી નં.૩ નાઓએ વળતરની રકમ વ્યાજ અને ખર્ચ સાથે આ હુકમની તારીખથી દિન–૩૦ માં અત્રેની મોટર એકસીડન્ટ ટ્રીબ્યુનલમાં જમા કરાવવી તેવો હુકમ કરવામાં આવે છે.

૪. આ કામના સામાવાળા નં.૧ થી નં.૩ નાઓને એવો હુકમ કરવામાં આવે છે કે, જો વચગાળાનું કોઈ વળતર ચૂકવેલ હોય તો તે મુદલ રકમ બાદ કરીને બાકીની ચૂકવવાપાત્ર થતી રકમ નીચે જણાવેલ બેંક ખાતામાં આર.ટી.જી.એસ. અથવા એન.ઈ.એફ.ટી. થી ટ્રાન્સફર કરી જમા કરાવવી. વધુમાં, સામાવાળા નં.૧ થી નં.૩ નાઓએ વ્યાજની રકમ પર કાપવાની થતી ટી.ડી.એસ. ની રકમ અલગથી આર.ટી.જી.એસ. અથવા એન.ઈ.એફ.ટી. થી નીચેના એકાઉન્ટમાં જમા કરાવવી તથા તે અંગેની જાણ અત્રેની ટ્રીબ્યુનલ/કોર્ટના સબંધિત અને અધિકૃત ઈ–મેઈલ એડ્રેસ ઉપર કરવી.

| | | |
|---|---|---|
| A/C Holder Name | : | Motor Accident claims Tribunal, Navsari. |
| Bank Name | : | State Bank of India |
| Account Number | : | 40756379884 |
| IFS Code | : | SBIN0000439 |
| MICR Code | : | 396002061 |

૫. હુકમ મુજબની રકમ જમા થયેથી કોર્ટ ફી સ્ટેમ્પની રકમ બાદ કરી, બાકીની રકમ અરજદારોને ચૂકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

૬. ઉપરની રીતે કોર્ટ ફી સ્ટેમ્પ બાદ કર્યા પછી બાકી રહેતી રકમ પૈકી અરજદાર નં.૧ ને ૪૦% લેખે તથા અરજદાર નં.ર ને ૩૦% લેખે તથા અરજદાર નં.૩ ને ૩૦% લેખે રકમ ચૂકવવી.

૭. પુખ્ય વયના અરજદારોના હિસ્સે આવતી રકમ પૈકી ૭૦% રકમ અરજદારોના નામે કોઈપણ નેશનેલાઈઝ બેંકમાં પાંચ વર્ષ માટે ફીકસ ડીપોઝીટ તરીકે મૂકવી તથા બેંક ધ્વારા તે પર કોઈપણ પ્રકારની લોન કે એડવાન્સ આપવામાં ન આવે તેવો હુકમ કરવામાં આવે છે. આ અરજદારોને ચૂકવવામાં આવતી રકમ પૈકી ૩૦% રકમ એકાઉન્ટ

પેટી ચેકથી/આર.ટી.જી.એસ./નેટ બેકીંગથી અરજદારોના નેશનલાઈઝ બેંક ખાતામાં ચૂકવવી.

૮. અરજદારો ફીકસ ડીપોઝીટમાં મૂકવામાં આવેલ રકમ ઉપર પ્રતિમાસ એકત્રિત થતુ / ત્રિમાસિક / વાર્ષિક વ્યાજ મેળવવા હકકદાર રહેશે.

૯. એફ.ડી. ની પરીપકવતા તારીખે આ ટ્રીબ્યુનલની પૂર્વ પરવાનગી સિવાય એફ.ડી. ની સંપૂર્ણ રકમ અરજદારોને ચૂકવી આપવા સબંધિત બેંક મેનેજર હકકદાર રહેશે.

**૧૦. સબંધિત બેંક આ રીતે તેઓ સમક્ષ મૂકવામાં આવેલ ફીકસ ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારે લોન કે એડવાન્સ આપી બોજો ઉભો કરવા હકકદાર રહેશે નહી કે વ્યાજની મળવાપાત્ર રકમ હપ્તા તરીકે વસુલ લઈ શકાય તે રીતે લોનની કોઈ રકમ અગ્રીમ ચૂકવણી તરીકે અરજદારોને આપી શકશે નહી.**

**૧૧.** આ કામના સામાવાળાઓએ વ્યાજની રકમ ઉપર થતી ટી.ડી.એસ. ની રકમ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટના R/Special Civil Application No.4800 of 2021 in case of **The Oriental Insurance Co. Ltd., vs Chief Commissioner of Income Tax (TDS)** ના ચુકાદામાં આપવામાં આવેલ આદેશોનું પાલન કરવું.

**૧૨.** હુકમ મુજબ હુકમનામુ દોરવું.

**હુકમ આજ તારીખ : ૧૧ મી, માહે માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.**

**સહી/-**

તારીખ : ૧૧.૦૩.૨૦૨૬.
સ્થળ : નવસારી.

**( મહેશકુમાર આર. ઠકકર)**
**ચેરમેન,**
મોટર એકસીડન્ટ કલેઈમ ટ્રીબ્યુનલ અને
થર્ડ એડીશ્નલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,
નવસારી.
કોડ નં-જીજે ૦૦૯૬૩